જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૮/૨૦૧૭ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૭૧૫/૧૭**

**સરદારનગર પોલીસ સ્ટેશન :**

(પ્રોહીબીશનના ગણના પાત્ર કેસ)

આજરોજ નારોજ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ નાઓના માર્ગદર્શન હેઠળ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જી' ડીવીઝન તથા સીનીયર પો.ઇન્સ શ્રી એચ.બી ઝાલા ની સુચનાથી સ્ટાફના પોલીસ ઇન્સપેકટર એન.એન.ચાવડા તથા પો.સબ.ઇન્સ.પી.જે.ખરસાણ તથા હે.કો.જીવણભાઈ મેઘજીભાઈ બ.ન.૭૫૫૦ હે.કો.બાબુભાઇ અરખાભાઇ બ.નં.૩૭૫૬ તથા પો.કો.કીપાલસિંહ અનવરસિંહ બ.નં.૮૮૨૧ તથા પો.કો કપીલકુમાર કાંતીલાલ બ.ન. ૯૮૯૮ તથા પો.કો ભરતકુમાર ગાંડુભાઇ બ.ન. ૩૦૫ તથા પો.કો જીતેન્દ્રકુમાર અળખાભાઇ બ.ન. ૫૧૧૯ તથા પો.કો.હવેશભાઇ ખોડાભાઇ બ.નં.૪૯૩૦ તથા પો.કો.સંદીપસિંહ કોદરસિંહ બ.નં.૩૫૦૩ તથા પો.કો.પ્રવિણસિંહ દેવેન્દ્રસિંહ બ.નં.૪૮૯૭ તથા પો.કો.કિરણભાઇ ચંદુભાઇ બ.નં.૫૭૭૦ તથા બીજા પોલીસ સ્ટાફના માણસો સાથે ક.૧૦/૦૦ વાગેથી સરદારનગર જી વોર્ડ માયા સિનેમા પાસે જાહેર રોડ પર વાહનચેકિંગમાં હતા દરમ્યાન પો.કો.સુરેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ બ.નં.૯૫૫૮ ને બાતમી હકીકત મળેલ કે "એક સફેદ કલરની સ્વીફ્ટ કાર જેને નંબર પ્લેટ નથી તેનો ચાલક તેના કબજાની કારમાં કેટલોક ઇગ્લીશ દારુનો જથ્થો રાખી નોબલનગર તરફથી કાર ચલાવી લઇ આવી ઇન્ડીકેપ થઇ અત્રે થઇ કુબેરનગર તરફ જવાનો છે."જે બાતમી હકીકત આધારે જે આધારે બે પચોના માણસો સાથે વોચ કરતા સ્વીફ્ટ કાર જેને નંબર પ્લેટ નથી તેના ચાલકે તેની કારમાં ઇંગ્લીસ દારૂ ની બોટલ તથા બીયરના ટીન મળી કુલ્લે નંગ.૫૦૪ કુલ્લે કિ.રૂ.૬૨૪૦૦/- તથા સદરી સ્વીફ્ટ કાર કિ.રુ.૬.૦૦.૦૦૦/- સાથે મળી કુલ્લે ૬.૬૨.૪૦૦/-ના મતાનો મુદામાલ પંચનામા વિગતે કબજે કરી સદરી સ્વીફ્ટનો ચાલક કાર મુકી નાસી ગયેલ જેનો પીછો કરવા છતા પકડાયેલ નહોઇ નાશી ગયેલ કારચાલક વિરૂધ્ધમા પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો નોંધવામા આવેલ છે.આમ, સરદારનગર પોલીસ દ્વારા પ્રસંશનીય કામગીરી કરવામા આવેલ છે. તા:૨૫/૮/૧૭

## <u>(જુગારનો ગણનાપાત્ર કેસ)</u>

આજરોજ મે. પોલીસ કમિશ્નરશ્રી અ'વાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ નાઓના માર્ગદર્શન હેઠળ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જી' ડિવીઝન નાઓ તથા પો.ઇન્સ. એચ.બી.ઝાલા સરદારનગર પો.સ્ટે. નાઓની સુચનાથી સ્ટાફના પોસઇ કે.એમ.ચૌધરી તથા સ્ટાફના હેકો. જીવણભાઇ મેઘજીભાઇ બનં-૭૫૫૦ તથા પોકો. કપિલકુમાર કાંતિલાલ બનં-૯૮૯૮ તથા પોકો. કિરપાલસિંહ અનવરસિંહ બનં-૮૮૨૧ તથા પોકો. જીતેન્દ્રકુમાર અળખાભાઇ બનં-૫૧૧૯ તથા પોકો. ભરતભાઇ ગાંડુભાઇ બનં-૧૦૧૭૩ નાઓ સાથે સરદારનગર પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન કુબેરનગર ક્રોસિંગ પાસે રોડ પર આવતા સાથેના પોકો. કપિલકુમાર કાંતિલાલ નાઓએ ખાનગી બાતમી હકિકત મળેલ કે કુબેરનગર છારાનગર રોડ ઉપર સત્ય નારાયણ દુધ ઘરની બાજુમાં મયુર બંગ્લોઝ ની સામે મહેશભાઇ મકવાણા ની કરિયાણાની દુકાનની પાછળના ભાગે આવેલ ખુલ્લા વરંડામાં જાહેરમાં કેટલાક ઇસમો ગોળકુંડાળુ વળી પૈસાપાનાથી હારજીતનો જુગાર રમી રમાડે છે અને હાલમાં તેઓની જુગાર રમવાની પ્રવુતિ ચાલુ છે વિગેરે બાતમી હકિકત આધારે સદરી જગ્યાએ રેડ કરતા જુગાર રમતા <u>મુકેશભાઇ સ/ઓ વિભાભાઇ જીવાભાઇ મકવાણા ઉવ.૨૫ રહે, ૧૦૧ એક વોર્ડ મોચીપાડા સત્ય નારાયણ દુધ ઘરની બાજુમાં કુબેરનગર સરદારનગર અ'વાદ શહેર+૭=૮</u> નાઓને જુગાર રમતા રોકી પકડી લઇ <u>દાવના નાંણા રૂ.૭૯૦૦/- તથા અંગઝડતીના નાંણા રૂ.૧૭,૦૪૦/- તથા ગંજીપાના નંગ-૮૭ કિ.રૂ.૦૦/- સાથે મળી કુલ્લે કિ.રૂ.૨૪,૯૪૦/-</u> ની મત્તા સાથે મળી આવી પકડાઇ ગયેલ હોય આમ સરદારનગર પો.સ્ટે. ના માણસો દ્વારા પ્રસંશનીય કામગીરી કરેલ છે.

**<u>વટવા પોલીસ સ્ટેશન :</u>**

આરોપીને પાસા હેઠળ અટકાયત કરવા બાબત

**<u>પ્રોહીબીશન સબંધી</u>**

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૫૫૨/૨૦૧૭ તા.૨૪/૦૮/૨૦૧૭ પાસા અટકાયતી નામે સચીન કમલેશભાઈ જાતે-ઠાકર ઉવ.૨૭ રહે, મ.નં.૧૭/બી ઓમપરમાત્મા સોસાયટી ભરવાડવાસ ઈસનપુર અમદાવાદ શહેર નાઓના વિરુધ્ધમાં વટવા પો.સ્ટે. દાખલ થયેલ પ્રોહીબીશન સબંધી ગુનામાં આરોપી વિરુધ્ધ પાસા હુકમ થયેલ હોય આરોપીને આજરોજ તા.૨૫/૦૮/૨૦૧૭ ના કલાક ૧૮/૩૦ વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ લાજપોર - સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે .

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.